# પ્રેસ નોટ

## પ્રતિબંધિત આતંકી સંગઠન અલ-કાયદા (AQ)ના સભ્યો અને ગેરકાયદેસર રીતે ભારતમાં રહી અલ-કાયદાનો પ્રચાર-પ્રસાર કરતા તેમજ ફંડ એકત્રિત કરી રહેલ બાંગલાદેશી ઈસમોને પકડી પાડતી ગુજરાત એ.ટી.એસ.

ગુજરાત એ.ટી.એસ.ને ગુપ્ત માહિતી મળેલ કે, બાંગ્લાદેશી નાગરીકો સોજીબમીયાં, આકાશખાન, મુન્નાખાન તથા અબ્દુલ લતિફ નામના માણસો બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમા ઘુસણખોરી કરી બોગસ આઇ.ડી. પ્રુફ બનાવી હાલમાં અમદાવાદમાં ઓઢવ તથા નારોલ વિસ્તારમા રહે છે. આ ચારેય ઇસમો પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ કાયદા (AQ) સાથે જોડાયેલ છે. તેઓ મુસ્લિમ યુવાનોને અલ કાયદામાં જોડાવવા પ્રેરીત કરે છે તેમજ અલ કાયદા તન્ઝીમનો ફેલાવો કરવા માટે ફંડ ઉઘરાવી તેના આગેવાનોને પહોંચાડે છે. આ ઇનપુટના આધારે ગુજરાત એ.ટી.એસ. દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવેલ અને ઉપરોક્ત ઇસમ મોહમ્મદ સોજીબમીયા અહેમદઅલીની પૂછપરછ કરવામાં આવેલ.

સદર ઇસમની પૂછપરછ દરમ્યાન જાણવા મળેલ કે મોહમ્મદ સોજીબમિયા અહેમદઅલી, ઉ.વ. ૨૮ ધંધો: નોકરી, રહે. સુખરામ એસ્ટેટ, રખીયાલ, સોનીની ચાલી ચાર રસ્તા પાસે, અમદાવાદ, મૂળ બાંગ્લાદેશના મ્યેમનસિંહ જિલ્લાના ખુદરો ગામનો રહેવાસી છે. મોહમ્મદ સોજીબમિયા અહેમદઅલી બાંગ્લાદેશમાં તેના ઘણા સંપર્કો દ્વારા અલ-કાયદાની વિચારધારાથી પ્રેરિત થયેલ અને અલ-કાયદાનો સભ્ય બનેલ હતો. મોહમ્મદ સોજીબમિયા તેના બાંગલાદેશી હેન્ડલર શરીફુલ ઇસ્લામ સાથે સંપર્કમાં હતો, જેણે સોજીબને AQ માં જોડાવા માટે પ્રેરણા આપેલ હતી. શરીફુલ ઈસ્લામ દ્વારા મોહમ્મદ સોજીબમિયાનો પરિચય AQ સંસ્થાના બાંગ્લાદેશના મ્યેમનસિંહ જીલ્લા પ્રમુખ શાયબા નામના ઇસમ સાથે કરાવેલ. શાયબા દ્વારા મોહમ્મદ સોજીબમિયા વગેરેને અન્ય યુવાનોને કટ્ટરપંથી બનાવવા, તેમને અલ-કાયદામાં જોડાવવા અને સંગઠન માટે

ભંડોળ એકત્ર કરવાનું કામ સોંપવામાં આવેલ તેમજ Encrypted Chat Applications, TOR & VPN ના ઉપયોગ અંગેની તાલીમ આપવામાં આવેલ. આ મોડ્યુલના હેન્ડલર, શયબાએ આ ઇસમોને દાવા આપેલ અને તેઓએ શયબાના નામે પોતાની બા’યા આપેલ.

મોહમ્મદ સોજીબની પૂછપરછ દરમ્યાન જાણવા મળેલ છે કે, તે અને તેના સાગરીતો, મુન્ના ખાલિદ અંસારી @ મુન્નાખાન અને અઝારુલ ઇસ્લામ કફિલુદ્દીન અંસારી @ જહાંગીર @ આકાશખાન પણ અલ-કાયદા સાથે જોડાયેલ છે તથા ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરી ખોટા દસ્તાવેજોના આધારે ભારતમાં વસવાટ કરી રહ્યા છે તેમજ AQ માટે ફંડ એકત્રિત કરવાનું તથા AQની વિચારધારા ફેલવવાનું કાર્ય કરી રહ્યા છે. આ તમામ ઈસમો ગુજરાત તથા અન્ય રાજ્યોની ઘણી વ્યક્તિઓ સાથે સંપર્કમાં આવેલ અને તેઓને AQ વિચારધારા થકી કટ્ટરપંથી બનાવવાનો પ્રયાસ કરેલ છે. આ ત્રણેય ઈસમોએ ઘણી વ્યક્તિઓ પાસેથી નાણાં એકત્ર કરેલ, જે બાદમાં આકાશખાન મારફતે AQ ની પ્રવૃત્તિઓના ભંડોળ માટે મોકલી આપેલ. શાહીબાએ આ મોડ્યુલના તમામ સભ્યોને જેહાદ, કિતાલ (કત્લ), અસ્લીયા (શસ્ત્ર સરંજામ), હિજરત (મુસાફરી), પૈસા અને સમયનુ બલીદાન આપવુ, શહાદત વહોરવી વિગેરે બાબતે ઉંડાણપૂર્વક સમજાવેલ હતુ. આ તમામને નવા ભરતી થનારાઓને ઓળખવાનું, તેમને કટ્ટરપંથી બનાવવાનું અને તેમને આ વિચારધારામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાનું અને તેના Sympathizers પાસેથી ભંડોળ એકત્ર કરવાનું કામ સોંપવામાં આવેલ. અલ કાયદાના ઉપરોક્ત ઈસમોનો અન્ય એક સભ્ય અબ્દુલ લતીફ ઉર્ફે મોમિનુલ અંસારી પણ હાલમાં જ બાંગલાદેશથી ભારત ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી અલ-કાયદા વિચારધારાના પ્રચાર પ્રસાર તથા ફંડ એકત્રિકરણ માટે અમદાવાદ આવેલ છે.

જે અનુસંધાને ગુજરાત એ.ટી.એસ.ની ટીમ દ્વારા તપાસના કામે કરવામાં આવેલ સર્ચ દરમ્યાન બોગસ આધાર કાર્ડ તથા પાન કાર્ડ મળી આવેલ છે. આ ઉપરાંત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ-કાયદા (AQ) ની મીડીયા વીંગ As-Sahab Media દ્વારા પ્રકાશિત કટ્ટરવાદી સાહિત્ય મળી આવેલ છે.

આ બાબતમાં ગુજરાત એ.ટી.એસ. પોલીસ સ્ટેશન ખાતે U.A.P.A. ની કલમ ૩૮,૩૯ તથા ૪૦ અને I.P.C. ની કલમો મુજબ મોહમ્મદ સોજીબમિયા, મુન્ના ખાલિદ અંસારી ઉર્ફે મોઝ ઇબ્ન ઝબાલ ઉર્ફે મુન્નાખાન, અઝારુલ ઇસ્લામ કફિલુદ્દીન અંસારી ઉર્ફે જહાંગીર ઉર્ફે આકાશખાન અને અબ્દુલ લતીફ ઉર્ફે મોમિનુલ અંસારીનાઓ વિરૂધ્ધમાં ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.